 ISSN: 2349-6002

# નવપ્રવર્તન અને યુવાપેઢી દ્વારા રાષ્ટ્રનિર્માણ

ડૉ. કાજલ દિલીપભાઈ ખૂંટી
*અધ્યાપક સહાયક, ડૉ. વી. આર. ગોઢાણીયા મહિલા, કોલેજ પોરબંદર*
doi.org/10.64643/IJIRTV12I8-190933-459

સારાંશ: માનવજાતિનો ઇતિહાસ એ સતત પરિવર્તનનો ઇતિહાસ રહ્યો છે. સમયની ગતિ સાથે સમાજ, શિક્ષણવ્યવસ્થા, સંસ્કૃતિ, ટેકનોલોજી, વિચારો સતત બદલાતા રહ્યા છે. આ પરિવર્તનને યોગ્ય દિશામાં લઈ જવાની જીવનને વધુ સરળ અને સુખમય બનાવવાની શક્તિ એ નવપ્રવર્તન છે. નવપ્રવર્તન એ માત્ર વિચાર કે શોધ નથી, એ શક્તિ છે. જે માનવજીવનમાં ક્રાંતિ લાવી શકે છે. આજના યુગમાં જ્યારે વિશ્વ સતત બદલાતું રહ્યું છે. ત્યારે નવપ્રવર્તન રાષ્ટ્રના વિકાસનો હૃદય બની રહે છે. નવપ્રવર્તન એ માત્ર ઉદ્યોગ-ધંધા માટે જ નથી. પરંતુ ભારતના દરેક ક્ષેત્રમાં નવપ્રવર્તન એટલે કે નવો આવિષ્કાર જરૂરી છે. આથી ભારત સરકાર યુવાનોને દરેક ક્ષેત્રમાં નવપ્રવર્તન કરવા માટે પ્રોત્સાહિત કરે છે. ભારતે ટેકનોલોજી ક્ષેત્રે, ખેતીક્ષેત્રે, સેવાક્ષેત્રે, સંરક્ષણક્ષેત્રે, ઉદ્યોગક્ષેત્રે અને સુરક્ષાક્ષેત્રે વગેરે બધા જ ક્ષેત્રોમાં નવપ્રવર્તનને પ્રથમ આવશ્યકતા ગણી છે. આ બધા જ ક્ષેત્રોમાં વિકાસ કરવાથી ભારતનો આર્થિક વિકાસ પણ થઈ શકે છે. આ ઉપરાંત ભારત સરકાર અત્યારે જેના ઉપર સૌથી વિશેષ ભાર મૂકે છે. એ સ્વદેશી રાષ્ટ્રનું નિર્માણ કરવાનું છે અને તેના માટે સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવવી જરૂરી છે અને એ ત્યારે જ શક્ય બને કે, જ્યારે દેશના યુવાનોમાં કંઈક નવું કરવાની કે નવી વસ્તુનો આવિષ્કાર કરવાની ધગશ પડેલી હોય આમ કરવાથી જ ભારતની આયાતો ઘટી નિકાસો વધશે અને વિદેશી હૂંડિયામણની આવક દ્વારા દેશનો આર્થિક વિકાસ આગળ વધારવા દેશના યુવાનોએ પ્રયાસો કરવાના છે. યુવાપેઢી એ પોતાની કુનેહપૂર્વક કાર્ય કરી અને પોતાની બુદ્ધિનો યોગ્ય દિશામાં ઉપયોગ કરી, વિજ્ઞાન ટેકનોલોજી એન્જિનિયરિંગ અને ગણિતક્ષેત્રોમાં સંશોધન અને નવીનતામાં પોતાનું યોગદાન આપી શકે છે.

સ્વામી વિવેકાનંદે દેશના યુવાનો માટે કહેલું કે, “મને માત્ર એક હજાર નિષ્ઠાવાન અને સમર્પિત યુવાનો આપો, હું આખા દેશની સકલ બદલી નાખીશ.”

આ વિધાન આજની યુવાપેઢી માટે ખરેખર સાર્થક છે. યુવાનો કોઈપણ કાર્ય કરતી વખતે દેશહિતને નજર સમક્ષ રાખે તે ક્રિયાઓ કે કાર્યોમાં નવીનતા કે નવપ્રવર્તન લાવે અને દેશના વિકાસમાં બાધક બનતી સમસ્યાઓ સામે સંગઠિત સ્વરૂપે લડત આપે તો આધુનિક ભારતના ઘડતરની ગતિને કોઈ અટકાવી શકે જ નહીં. આથી જ ભારતમાં જો નવપ્રવર્તન લાવવું હોય તો સૌપ્રથમ તો દેશના યુવાનોમાં નવપ્રવર્તન લાગુ પડશે, યુવાપેઢીનો વિકાસ થવાથી તે આપોઆપ ભારતના દરેક ક્ષેત્રમાં નવપ્રવર્તન કરી આપશે. આથી યુવાનોમાં રહેલા કૌશલ્યનો વિકાસ થયો ગણાશે. આ માટે જ ભારત સરકારે ‘સ્કીલ ઈન્ડિયા’ કાર્યક્રમ હાથ ધરેલ છે. ભારતનો યુવા માત્ર શિક્ષણને જ વળગી ન રહે અને પોતાનામાં રહેલી સ્કીલને વિકસાવે એ માટે ‘સ્કીલ ઇન્ડિયા’કાર્યક્રમ છે. ‘સ્કીલ ઇન્ડિયા’ હેઠળ ભારતના યુવાનોને અનુભવ શિક્ષણ અને કૌશલ્યજ્ઞાન પૂરતા પ્રમાણમાં મળે તે માટે તાલીમ આપવામાં આવે છે.

ચાવીરૂપ શબ્દો - નવપ્રવર્તન, યુવા પેઢી, રાષ્ટ્ર નિર્માણ, શિક્ષણ, સ્ટાર્ટઅપ

 ISSN: 2349-6002

## પરિચય

આજે ઝડપથી બદલાતા યુગમાં નવપ્રવર્તન માનવ વિકાસનો મુખ્ય આધાર સ્તંભ છે. પરંપરાગત વિચારસરણી માંથી બહાર આવી, નવી દ્રષ્ટિ, નવી પદ્ધતિ અને નવી ટેકનોલોજી દ્વારા સમસ્યાઓના સર્જનાત્મક ઉકેલ શોધવાની પ્રક્રિયાને નવપ્રવર્તન કહેવામાં આવે છે. શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ઉદ્યોગ અને અર્થતંત્ર જેવા દરેક ક્ષેત્રમાં નવપ્રવર્તન દ્વારા ગુણવત્તા કાર્યક્ષમતા અને પ્રગતિમાં નોંધપાત્ર વધારો થયો છે.

## નવપ્રવર્તન એટલે શું ?

નવપ્રવર્તન એટલે નવો વિચાર, નવી રીત, નવો ઉકેલ અથવા નવી શોધ તે માનવજીવનને વધુ સુવિધાસભર બનાવવાનું સાધન છે. આજની દુનિયામાં આપણે જે ટેકનોલોજીકલ પ્રગતિ નવનિર્માણ અને વૈજ્ઞાનિક શોધો જોઈ રહ્યા છીએ, તે દરેકે માનવજીવનને સરળ બનાવવા માટેની નવીનતા બતાવી રહી છે. ઇન્ટરનેટ, કોમ્પ્યુટર, કૃત્રિમ બુદ્ધિ, મોબાઈલ, રોબોટિક્સ અને સ્માર્ટ ડિવાઇસીસ એ માનવજાતિના સર્જનાત્મક મગજનું પ્રતિબિંબ છે.

નવપ્રવર્તન એટલે નવી પદ્ધતિઓ, નવા વિચારો, નવી વસ્તુઓ વગેરે અપનાવવી યુવાપેઢી નવા વિચારો અને નવા ઉકેલો લાવવા માટે ખુલ્લા મનના હોય છે. તેઓ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સમસ્યાઓનું નિરાકરણ લાવવા અને દેશને આગળ વધારવા માટે નવીન પદ્ધતિઓ શોધવા માટે તૈયાર રહે છે. યુવાપેઢી પાસે જોશ ઉત્સાહ અને સાહસશક્તિ હોય છે. યોગ્ય દિશામાં માર્ગદર્શન માર્ગદર્શન મળે તો અશક્ય લાગતા કાર્યો પણ એ પાર પાડી શકે છે. ભારતની યુવાપેઢીને સાચી દિશા મળી રહે તે ખૂબ જ જરૂરી છે.

## યુવાપેઢી દ્વારા રાષ્ટ્રનિર્માણ :

કોઈપણ રાષ્ટ્રના નવનિર્માણમાં સૌથી વધુ મહત્વની ભૂમિકા હોય તો તે યુવાનોની છે. યુવાપેઢી સૂર્યના કિરણોને જેમ સમસ્ત ને અજવાળી રહે છે.ઉર્જા પ્રધાન કરે છે. તેઓને જો યોગ્ય સમયે, યોગ્ય ધોરણે માર્ગદર્શન મળે તો તે પ્રચંડશક્તિ બની રાષ્ટ્રને વિકસિત બનાવી શકે છે. આપણો ભારત દેશ એ બાબતમાં નસીબદાર છે, કારણકે સૌથી વધુ યુવાનો અત્યારે આપણે ત્યાં છે. ભારત એ રીતે યુવારાષ્ટ્ર તરીકેનું માન લઈ શકે છે. ઝવેરચંદ મેઘાણીએ આથી યોગ્ય જ કહ્યું છે કે,

"ઘટમાં ઘોડા થનગને આતમ વીંજે પાંખ
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ"

આપણા ઇતિહાસ ઉપર નજર કરીએ તો આઝાદીના સમયે પણ લડત વખતે ભારતના યુવાનો અગ્રેસર હતા. વીર ભગતસિંહ, મંગલ પાંડે, ખુદીરામ એવા અનેક અસંખ્ય યુવાનોને અહીં યાદ કરી શકાય. આ સિવાય સ્વામી વિવેકાનંદ અને ગાંધીજી જેવા અનેક યુવાનોમાં એવી શક્તિ જણાય છે. દાંડીકૂચ વખતે ગાંધીજીએ અંબાલાલ દરજી જેવા યુવાનની સમર્પિતતા જોઈ કહેલું હતું કે, 'મને આવા પાંચસો યુવાનો મળે તો સ્વરાજ મારી મુઠ્ઠીમાં છે. આજનો યુવા પણ આવી જ અપારશક્તિ ધરાવે છે. ખરેખર યુવાનો તો દેશની કરોડરજ્જુ છે. રાષ્ટ્રનું ભવિષ્ય નિર્માણ યુવાનોના હાથમાં છે. એટલે જ યુવાપેઢી પર પૂરતું ધ્યાન આપવામાં આવે તો તે રાષ્ટ્રની મોટી સંપદા બની રહે છે. ભારત દેશ એ વિકસિત થવા તરફ એક રાષ્ટ્ર તરીકે ગતિ કરી રહ્યું છે. આ સ્વપ્નને સાકાર કરવામાં યુવાપેઢીએ જ મહેનત અને આવડતથી આગળ વધવાનું છે. રાષ્ટ્રના દરેક ક્ષેત્રમાં નવપ્રવર્તન લાવી નવી ઉર્જા, નવી શક્તિ દાખવી, નવા ઉદ્યો-ધંધા, નવી ટેકનોલોજીના ક્ષેત્રો, નવી ઉત્પાદન પદ્ધતિઓ, નવી શિક્ષણવ્યવસ્થા વગેરે અપનાવી રાષ્ટ્રનો

આર્થિક વિકાસ કરીને વિકસિત ભારત બનાવવા તરફ ધ્યાન દેવાનું છે.

નવપ્રવર્તન અને યુવાપેઢી દ્વારા દેશનો વિકાસ કઈ રીતે ?

આજના ટેકનોલોજીકલ યુગમાં નવપ્રવર્તન અને યુવાપેઢી વચ્ચે એક ગાઢ સંબંધ જોવા મળે છે. આથી જ યુવાશક્તિને યોગ્ય માર્ગદર્શન મળે તો તે નવું સર્જન કરી શકે છે. આજના યુવાનો ડિજિટલ યુગમાં જીવે છે. તેઓ ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા, મોબાઈલ અને ટેકનોલોજી દ્વારા દુનિયાની કોઈપણ માહિતી ઝડપથી ઘરે બેઠા બેઠા પણ મેળવી શકે છે. આ કારણે તેઓ ઝડપી અને અસરકારક રીતે નવીનતા અપનાવી રહ્યા છે. ઉદા. ભારતીય યુવાનોએ ઇસરોના ચંદ્રયાન ૩ મંગળયાન અને આદિત્ય L1 મિશન સફળ બનાવ્યા. તે બતાવે છે કે, ભારતીય યુવાનો વૈશ્વિક સ્તરે વિચારી શકે છે. નવપ્રવર્તન એ માત્ર વિજ્ઞાન તેમજ ટેકનોલોજી સુધી મર્યાદિત નથી. તે શિક્ષણ કૃષિ, આરોગ્ય કલા, પર્યાવરણ અને સામાજિક ક્ષેત્રોમાં પણ મહત્વપૂર્ણ છે.

શિક્ષણ દ્વારા નવપ્રવર્તન :

નવપ્રવર્તનનો ફલક એટલું વિશાળ છે કે, તેમાં માત્ર વિજ્ઞાન અને ટેકનોલોજી સુધી તે મર્યાદિત નથી. પરંતુ તે શિક્ષણ, કૃષિ, આરોગ્ય, પર્યાવરણ, કલા અને સામાજિકક્ષેત્રોમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. શિક્ષણ એ નવપ્રવર્તનનો મૂળ સ્રોત છે. જો શિક્ષણ માત્ર પુસ્તકયુ બની રહે તો તે યુવાનોની સર્જનાત્મકતાને વિકસાવી શકતું નથી. એટલે જ ભારત સરકાર એ શિક્ષણમાં નવપ્રવર્તન લાવવા માટે ખૂબ જ પ્રયત્નશીલ છે. જ્યારે શિક્ષણ પ્રશ્નોત્તરી, પ્રોજેક્ટ, પ્રયોગો, વિજ્ઞાનના મોડેલો, નવા વિચારો અને સર્જનાત્મક બને, ત્યારે યુવાનો નવીન વિચાર લાવી શકે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ દ્વારા વિદ્યાર્થીઓમાં સંશોધન ચિંતનશક્તિ અને નવીનતા વિકસાવવામાં આવી રહી છે. સામાજિક ક્ષેત્ર નવી વિચારશૈલી લાવી રહ્યા છે અને બીજી પહેલો દ્વારા યુવાનો પર્યાવરણ અને જળ સંરક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

નવપ્રવર્તન દ્વારા ગામડાનો વિકાસ:

ભારત દેશ એ કૃષિ પ્રધાન દેશ છે અને તે ગામડાઓનો બનેલો છે. ભારતની મોટાભાગની વસ્તી ગામડાઓમાં વસે છે. આથી ગામડાઓમાં કૃષિ, પાણી, વીજળી, શિક્ષણ અને આરોગ્ય જેવી સુવિધાઓ વિકસાવવી આવશ્યક છે. યુવાનો જ આ ક્ષેત્રોમાં નવી ટેકનોલોજી અને નવી રીતો અપનાવે તો ગામડાઓનો વિકાસ શક્ય છે. દાત. નવી સિંચાઈ પદ્ધતિઓ, ખેતીક્ષેત્રે, ડ્રોન ટેકનોલોજી એ માર્કેટિંગ અને ડિજિટલ એગ્રીકલ્ચર જેવી પહેલો દ્વારા યુવાનો ખેતીક્ષેત્રે અને ગ્રામીણક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી શકે છે. અત્યારના યુવાનો એ શિક્ષણ મેળવી કૃષિક્ષેત્રે નવપ્રવર્તન લાવવામાં ઘણા અંશે સફળ થયા છે. એ સાબિત કરે છે કે, જ્યારે યુવાનોને તક મળે કે માર્ગદર્શન મળે ત્યારે તે અશક્યને પણ શક્ય બનાવી શકે છે. સરકાર દ્વારા પણ યુવાનોના નવપ્રવર્તનને પ્રોત્સાહિત કરવા ઘણી યોજનાઓ અમલમાં મૂકે છે. તેમ જ નાણાકીય સહાય, માર્ગદર્શન અને તાલીમ પણ આપે છે. આ યોજનાઓનો હેતુ એટલો જ હોય છે કે યુવાનો પોતાની નવીન વિચાર શક્તિને વ્યવસાય અથવા શોધમાં રૂપાંતરિત કરી શકે છે.

યુવાનો સામેના કેટલાક પડકારો:

યુવાપેઢી માટે નવપ્રવર્તનના માર્ગમાં કેટલાક અડચણ પડેલા છે. તેમાં સૌથી મોટો પડકાર એ છે કે, તેને યોગ્ય માર્ગદર્શન અને સંસાધનોની અછત ઘણા યુવાનો પાસે જોવા મળે છે. તેમની સમક્ષ જરૂરી ટેકનિકલ સહાયનો અભાવ નાણાકીય સહાયનો અભાવ એ મોટા પડકારો છે. તે ઉપરાંત પરંપરાગત શિક્ષણપ્રણાલીના કારણે

પ્રયોગશીલ વિચારને યોગ્ય સ્થાન મળતું નથી. ઉપરાંત યુવાનોમાં બેરોજગારી, તકની પ્રાપ્તિનો અભાવ, કૌશલ્ય વિકસાવવાની અશક્તિ, ગરીબાઈ, સમાજના કુરિવાજો, સાહસનો અભાવ વગેરે પડકારો પણ યુવાનોને નવપ્રવર્તન કરવા રોકે છે. આજના યુવાનોમાં જોખમ ઉઠાવવાની ક્ષમતા પણ ઓછી જોવા મળે છે. તેઓ કંઈક નવું કરતા પહેલા ડરે છે.

નિષ્કર્ષ:

આ સંશોધનના આધારે સ્પષ્ટ થાય છે કે નવપ્રવર્તન અને યુવા પેઢી રાષ્ટ્ર નિર્માણના મુખ્ય સ્તંભો છે. યુવા પેઢીની સર્જનાત્મકતા, ઊર્જા અને ટેકનોલોજી પ્રત્યેની સમજૂતી સમાજના વિવિધ ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શિક્ષણ, ઉદ્યોગ, કૃષિ, આરોગ્ય અને ડિજિટલ સેવાઓ જેવા ક્ષેત્રોમાં યુવાનો દ્વારા કરવામાં આવેલા નવપ્રવર્તનોથી રોજગારની નવી તકો ઊભી થઈ રહી છે અને આર્થિક વિકાસને ગતિ મળી રહી છે. અધ્યયન દર્શાવે છે કે યોગ્ય શિક્ષણ, સંશોધન સંસ્કૃતિ અને નીતિગત સહકાર મળે તો યુવા પેઢી પોતાની પ્રતિભાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે છે. સ્ટાર્ટઅપ સંસ્કૃતિ, સ્કિલ ડેવલપમેન્ટ અને ડિજિટલ ઇન્ડિયા જેવી પહેલો યુવાનોને સ્વાવલંબી બનાવવામાં અને રાષ્ટ્રની વિકાસયાત્રામાં સક્રિય ભાગીદાર બનાવવા સહાયક બની છે. સાથે સાથે, નવપ્રવર્તન માત્ર આર્થિક વિકાસ પૂરતું સીમિત ન રહી સામાજિક સમાનતા, પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉ વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. અંતમાં કહી શકાય કે યુવા પેઢી અને નવપ્રવર્તન વચ્ચેનો મજબૂત સંબંધ જ ટકાઉ અને સર્વાંગી રાષ્ટ્ર નિર્માણની કુંજી છે. ભવિષ્યમાં જો શિક્ષણ વ્યવસ્થાને વધુ સંશોધનકેન્દ્રી બનાવવામાં આવે, યુવાનોને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરવામાં આવે અને નવપ્રવર્તન માટે અનુકૂળ વાતાવરણ રચવામાં આવે, તો ભારત જેવા વિકાસશીલ દેશો આત્મનિર્ભર અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બની શકે.

સંદર્ભસૂચિ:

[1] Abdul Kalam, A. P. J. India 2020: A Vision for the New Millennium. Penguin Books, 1998.

[2] Government of India. National Education Policy 2020. Ministry of Education, Government of India, 2020.

[3] Mehta, Shailesh. Youth Innovation and Nation Building in India. PhD dissertation, Gujarat University, 2018.

[4] Vivekananda, Swami. Lectures on Youth and Nation Building. Ramakrishna Mission, 2005.

[5] શાહ, મનીષા. શિક્ષણ, નવાચાર અને યુવા વિકાસ. પરિમલ પ્રકાશન, અમદાવાદ, 2017.

[6] ભારત સરકાર. સ્ટાર્ટઅપ ઇન્ડિયા એક્શન પ્લાન. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, ભારત સરકાર, 2016.